મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૯ ટકા

**ગાંધીનગર તાપમાન**

# આવતીકાલે ભાદરવા સુદ ત્રીજ : કેવડાત્રીજનું વ્રત

## સૌભાગ્યવતી મહિલાઓ પતિના લાંબા આયુષ્ય માટે આ વ્રત કરે છે : આખો દિવસ પાણી પીધા વિના ઉપવાસ કરવામાં આવે છે

ગાંધીનગર, તા.૨૮

ભાદરવા મહિનાના સુદ પક્ષની તીજ તિથિએ કેવડા ત્રીજનું વ્રત કરવામાં આવે છે. પાણી પીધા વિના ત્રીજનું વ્રત કરવામાં આવે છે. આ વ્રતમાં કાળી માટીથી ભગવાન શિવ-પાર્વતીની મૂર્તિઓ બનાવવામાં આવે છે. કેવડાત્રીજ ૩૦મી ઓગસ્ટના રોજ ઉજવવામાં આવશે. આ ઉપરાંત આ દિવસે વરાહ જયંતિ પણ છે. સૌભાગ્યવતી મહિલાઓ પોતાના પતિની લાંબા આયુ માટે આ વ્રત કરે છે. એ જ રીતે કુંવારી કન્યાઓ માટે પણ આ વ્રત ખાસ માનવામાં આવે છે. જો કુંવારી કન્યાઓ આ વ્રત કરે તો તેમને યોગ્ય વર મળે છે. હરતાલિકા તીજ કે કેવડાત્રીજનું વ્રત ખુબ અઘરું હોય છે. આ વ્રતનો પૂર્ણ ફળ મળે તેના માટે કેટલાક નિયમોનો પાલન કરવું જરૂરી છે. પૌરાણિક કથા અનુસાર ભગવાન શિવને તેમના પતિના રૂપમાં મેળવવા માટે માતા પાર્વતી દ્વારા સૌપ્રથમ આ વ્રત કરવામાં આવ્યું હતું. આ વ્રતમાં આખો દિવસ પાણી પીધા વિના ઉપવાસ કરવામાં આવે છે. અને સાંજે કાળી માટીથી શ્રીગણેશ અને ભગવાન શિવ-પાર્વતીની મૂતિઓ બનાવીને પૂજા કરવામાં આવે છે. ત્યારબાદ આખી રાત જાગરણ કરીને ચારેય પ્રહરની પૂજા કરવામાં આવે છે. એટલે કે દર ત્રણ કલાકે પૂજા થાય છે.

### પૂજામાં ચઢાવાતી સામગ્રીઓ

કેવડા ત્રીજમાં દેવી પાર્વતીની પૂજામાં સુહાગની સામગ્રી ચઢાવવામાં આવે છે જેમાં મહેંદી, બંગડી, કાજળ, ચાંદલા, કંકુ, સિંદુર વગેરેનો સમાવેશ થાય છે આ સિવાય શ્રીફળ ફુલ, કળશ, અબીલ, ચંદન, ઘી-તેલ, કપૂર, દીવો હોય છે.





### કેવડાત્રીજની વ્રતકથા

કેવડા ત્રીજ વ્રત ભગવાન શિવને અને માતા પાર્વતીના ફરી મિલનની યાદમાં ઉજવવામાં આવે છે. પૌરાણિક કથા પ્રમાણે માતા પાર્વતીએ ભગવાન ભોળાનાથને પિતા તરીકે મેળવવા માટે કઠોર તપ કર્યું હતું. હિમાલ ઉપર ગંગા નદીના કિનારે માતા પાર્વતીએ ભુખ્યા-તરસ્યા રહીને તપસ્યા કરી હતી. માતા પાર્વતીની આ સ્થિતિ જોઈને તેમના પિતા હિમાલય દુઃખી હતા. એક દિવસ મહર્ષિ નારદ ભગવાન વિષ્ણુ તરફથી પાર્વતીજીના લગ્નનો પ્રસ્તાવ લઈને આવ્યા પરંતુ જયારે પાર્વતીને આ વાતની જાણ થઈ ત્યારે તે વિલાપ કરવા લાગ્યા. એક સખીને તેમણે જણાવ્યું કે તેઓ ભગવાન શિવને પતિ તરીકે પ્રાપ્ત કરવા માટે કઠોર તપ કરી રહી છે. ત્યારબાદ સખીની સલાહથી માતા પાર્વતી વનમાં ચાલ્યા ગયા અને ભગવાન શિવની આરાધનામાં લીન થઈ ગયા. આ દરમિયાન ભાદરવા મહિનાના સુદ પક્ષની તીજના દિવસે માતા પાર્વતીએ રેતીથી શિવલીંગનું નિર્માણ કર્યુ અને ભોળાનાથની આરાધના કરી. માતા પાર્વતીના કઠોર તપને જોઈને ભગવાન શિવે તેમને દર્શન આપ્યા અને પાર્વતીજીની ઈચ્છા પ્રમાણે તેમની પત્નિ તરીકે સ્વીકાર કર્યો.

## જન્મદિને વધામણી



**ભાવના સમીર રામી**
બ્યુટીશિયન, રામી બ્યુટી કેર
કોષાધ્યક્ષ,હેપ્પી યુથ કલબ
મો. ૮૭૩૫૦ ૪૨૮૩૦



**હરશિવ રવીન્દ્રકુમાર નાયી**
મો. ૯૭૨૫૭ ૩૨૪૧૨



**ભદ્રશિલાબેન ત્રિવેદી**
મો. ૯૪૨૬૩ ૫૨૭૮૧



**આકાશકુમાર એસ. પટણી**
મો. ૮૭૫૮૨ ૮૦૨૦૩



**માહી કાનુગા**



**પંકજકુમાર મહેતા**
મેનેજર (ફાઈનાન્સ)
ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની



**એમ એમ સોલંકી**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**જગમાલભાઈ વઢવાડિયા**
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**નિલેષકુમાર ચૌહાણ**
યુથ, રેડક્રોસ

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ કેમ્પ



ગાંધીનગર, તા.૨૮

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા ૨૨ ઓગસ્ટ થી ૨૭ ઓગસ્ટ ૧૫૦ જેટલી JMP સ્કૂલની વિદ્યાર્થીઓ માટે સેલ્ફ ડિફેન્સ ટ્રેનીંગ કેમ્પ વાડો કાઈ કરાટે ડુ ફેડરેશનના ગૌરાંગભાઈ રાણાના સહયોગથી રાખવામાં આવેલ હતો. કેમ્પના અંતે તેમને સર્ટિફિકેટ તથા શિક્ષણ કીટ આપી સન્માનવામાં આવ્યા.

પાંચ દિવસના કેમ્પમાં વિદ્યાર્થીનીઓ પોતાનો સ્વ બચાવ કરી શકે તે માટે તેમને આ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ડિસ્ટ્રિક્ટના વુમન એમ્પાવરમેંટના ડાયરેક્ટર ડિમ્પલબેન શાહ તથા GAT વુમન મેમ્બરશીપના મમતાબેન તથા ઝોન ચેરમેન વૈશાલીબેનની ખાસ ઉપસ્થિતિ રહી હતી. પ્રમુખ ડિમ્પલ દેસાઈ તથા મીતલબેન રાણા તથા કલબ મેમ્બર્સ અને શાળાના ટીચરે કેમ્પને સફળ બનાવવા માટે ખૂબ જહેમત ઉઠાવી.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં રમત-ગમત અંગેનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૮

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તા. ૨૬-૮-૨૨ના રોજ કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ કોલેજના રમત-ગમત વિભાગ દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વક્તા તરીકે પ્રો. એમ.બી. અટોદરીયા (સરકારી વાણિજ્ય કોલેજ) હાજર રહ્યા હતા. વ્યાખ્યાનની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ મહેમાનનો શાબ્દિક સ્વાગત પરિચય કરાવ્યો હતો. તેમણે તેમના વક્તવ્યમાં વિદ્યાર્થિનીઓને કહ્યુ કે રમત-ગમત એ ટીમ કાર્ય, સહયોગ, વાતચીત, નેતૃત્વની ક્ષમતા શિખવાડે છે. વિદ્યાર્થીનીઓને કૌશલ્યોની વિશાળ શ્રેણી વિકસાવવા, મદદ કરવા તેમજ તેમને ઘર, શાળા કોલેજ બંન્ને જગ્યાએ સફળતાપૂર્વક પ્રદર્શન કરવા માટે, વ્યૂહરચના અને નવા વિચારોનો ઉપયોગ કરવાની ક્ષમતા આપવાનું કાર્ય કરે છે. તેમણે કહ્યું કે વિશ્વના તમામ દેશો દ્વારા રમત-ગમતને માન્યતા આપવામાં આવી છે.



## મહિલા આઈટીઆઈ ગાંધીનગર ખાતે વિનામૂલ્યે તાલીમ

ગાંધીનગર, તા.૨૮

મહિલા આઈ.ટી.આઈ. સેકટર ૧૫, ગાંધીનગર ખાતે મહિલાઓને કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ (કોપા), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), ફેશન ડિઝાઈન ટેકનોલોજી, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સુઈંગ ટેક્નોલોજી અને એમ.એલ.ટી. (ટેક્નોલોજીસ્ટ) વગેરે એક વર્ષના કોર્સમાં વિનામૂલ્યે અદ્યતન તાલીમ આપવામાં આવે છે. આ કોર્સની ખાલી રહેલ જૂજ બેઠકો માટે ચોથા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા તા. ૨૭.૦૮.૨૨ થી ૩૧.૦૮.૨૨ દરમ્યાન હાથ ધરવામાં આવનાર છે. આથી આઈટીઆઈમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક મહિલા ઉમેદવારે જરૂરી ઓરિજનલ તથા ઝેરોક્ષ ડોક્યુમેન્ટ્સ, પ્રવેશ ફી સાથે મહિલા આઈટીઆઈ ગાંધીનગર ખાતે કાર્યરત હેલ્પ સેન્ટરનો તા. ૩૧.૦૮.૨૨ સુધી રજાના દિવસોમાં પણ રૂબરૂમાં સંપર્ક કરવો. ઓનલાઈન ફોર્મ તથા રજીસ્ટ્રેશન ફી ભરનાર ઉમેદવારને મેરીટ મુજબ જે તે દિવસે જ સાંજે ૫ વાગ્યા બાદ રૂબરૂ એડમિશન આપવામાં આવશે.

મહિલા આઈટીઆઈ ગાંધીનગરમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારને તદ્દન મફત તાલીમ આપવામાં આવે છે. આવક મર્યાદાને આધીન તેઓને સંસ્થાકીય/સમાજકલ્યાણ સ્ટાઈપેન્ડ, ''વિદ્યા સાધના સહાય યોજના'' હેઠળ મફત સાયકલ ભેટ, આવવા-જવા માટે એસ.ટી. બસપાસ કન્સેશન, કોર્સમાં ઉત્તીર્ણ થનારને સ્વરોજગારી માટે સરકારી ધારા-ધોરણ મુજબ બેંકેબલ લોન સબસીડી સહાય તથા પ્રાયોગિક તાલીમ માટે વિનામૂલ્યે રો-મટીરીયલ વગેરે સુવિધાઓ આપવામાં આવે છે તેમ અખબારી યાદીમાં જણાવાયું હતું.

# માત્ર ટીશર્ટ કે મેડલ નહીં પરંતુ આપણી આંતરિક ક્ષમતા મહત્વની છે..!!

## ગાંધીનગરના ૫૩ વર્ષીય સાયકલિસ્ટે આંતરરાષ્ટ્રીય સ્તરે સાહસપૂર્ણ પ્રદર્શન કરતાં અત્યંત વિષમ પરિસ્થિતિમાં ૧૫૪૦કિમી સાયકલિંગ કર્યુ : અત્યાર સુધીમાં આશરે ૩૦ હજાર કિમી સાઇકલ ચલાવી ચુક્યાં છે

ગાંધીનગર, ૨૮

ભારતમાં દર વર્ષે તા. ૨૯ ઓગસ્ટને "હોકીના જાદુગર" તરીકે જાણીતા મહાન ખેલાડી મેજર ધ્યાનચંદજીના જન્મદિવસને "રાષ્ટ્રીય રમતગમત દિવસ" એટલે કે "નેશનલ સ્પોર્ટ્સ ડે" તરીકે ઉજવવામાં આવે છે. એક સમયે એવું કહેવામાં આવતું હતું કે ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં સ્પોર્ટ્સ કલ્ચર જ નથી પરંતુ આજે જે રીતે આપણાં ખેલાડીઓ ઓલિમ્પિક સહિતની પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં યશસ્વી પ્રદર્શન કરવા લાગ્યા છે તે જોતા દેશના બદલાયેલા મિજાજ અને તાસીરની કહાની સ્પષ્ટ વંચાય છે. હવે તો ગુજરાતીઓ વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સમાં પણ પાછળ રહ્યાં નથી. લોંગ ડિસ્ટન્સ સાયકલિંગ એક એવી જ એડવેન્ચર ઈવેન્ટ છે જેને સ્પોર્ટ્સ પણ કહી શકો અને સાહસ પણ કહી શકો અને તાજેતરમાં જ આવી એક અત્યંત સાહસિક ઈવેન્ટમાં ગાંધીનગરના ૫૩ વર્ષીય યશેષ વ્યાસ નામના સાયકલિસ્ટે આંતરરાષ્ટ્રીય સ્તરે સાહસપૂર્ણ પ્રદર્શન કરતાં અત્યંત વિષમ પરિસ્થિતિમાં ૧૫૪૦કિમી સાયકલિંગ કર્યુ હતું જે અનેક યુવાનો તેમજ ૫૦થી વધુ વયના નાગરિકો માટે પ્રેરણાત્મક ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટમાં આર્કિટેક્ટ તરીકે વર્ષો સુધી




લખનૌ ખાતે કાર્યરત રહ્યાં બાદ ગાંધીનગર ખાતે બદલી પામીને છેલ્લાં એકાદ વર્ષથી સરગાસણમાં સ્થાયી થયેલાં ૫૩ વર્ષીય ગુજરાતી યશેષ વ્યાસને ઘણાં સમયથી મોટી વયે સાયકલિંગનો શોખ જાગ્યો હતો. સાયકલિંગ તેમના માટે એક પ્રકારે ફિટનેસ જર્ની છે અને આ ક્ષેત્રે તેમણે રસ વધતાં વિવિધ સાયકલિંગ ઈવેન્ટમાં ભાગ લેવાનું શરૂ કર્યુ હતું. સાયકલિંગ માટે સુપર રેન્ડન્યુર્સ નામની એક આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત ઈવેન્ટ ચાલે છે જેનું ભારતમાં ઑડેક્સ ઈન્ડિયા દ્વારા સંચાલન કરવામાં આવે છે અને દેશભરમાંથી અસંખ્ય સાયકલિસ્ટો આ ઈવેન્ટમાં જોડાય છે. યશેષ વ્યાસ અત્યાર સુધીમાં બે વખત સુપર રેન્ડન્યુર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરી ચુક્યાં છે જેમાં તેઓ ૧૦૦કિમી ૧ વાર, ૨૦૦કિમી ૭ વાર, ૩૦૦કિમી ૪ વાર, ૪૦૦ કિમી ૩ વાર અને ૬૦૦ કિમી ૩ વાર પૂર્ણ કરી ચુક્યાં છે. તેમણે ૨૦૧૯માં ફ્રાન્સમાં યોજાતી પીબીપી ૯૦૦કિમીની રાઇડમાં ભાગ લીધો હતો અને ૨૦૨૦માં એક ટીમ મેમ્બર તરીકે ૨૪ કલાકમાં ૪૦૦કિમી રાઇડ તેમજ ૨૦૨૧માં મનાલીથી લેહ સુધીનું ૫૭૫ કિમીનું સાયકલિંગ કર્યું હતું. તેઓ તેમના જીવનમાં અત્યાર સુધીમાં આશરે ૩૦ હજાર કિમી સાઇકલ ચલાવી ચુક્યાં છે. યશેષ વ્યાસે ૨૦૧૮માં રનીંગ પણ શરૂ કર્યુ હતુ અને બેકયાર્ડ કલાક દોડવું, ૬૩ ઉપરાંત હાફ ૫ર પ્રથમ ૩ કલાકમાં ૨૪ રનમાં ૩ કિમી સહિત સફળતાપૂર્વક છે.




જે અંતર્ગત તેઓ ચેલેન્ઝમાં ૨૪ કિમી દોડવું મેરેથોન, લખનૌ સ્ટેડિયમ રનમાં કિ.મી, સર્કિટ કલાકમાં ૨૫ ૧૦થી વધુ ઈવેન્ટ પાર પાડી ચુક્યાં

ગાંધીનગર સ્થાયી થયાં બાદ યશેષ વ્યાસે સાયકલિંગ ક્ષેત્રે ખૂબ મોટી અને અત્યંત મહત્વની કહેવાય તેવી આંતરરાષ્ટ્રીય ઈવેન્ટ "લંડન એડિનબર્ગ લંડન-૨૦૨૨" ઈવેન્ટની મે મહિનાથી અમદાવાદના બે રાઈડર્સ મિસ્ટર તાહિર અને મિસ્ટર રાકેશ મહેતા સાથે તાલીમ શરૂ કરી દીધી હતી. ટુંકમાં એલઇએલ તરીકે ઓળખાતી આ ઈવેન્ટ સમગ્ર યુનાઈટેડ કિંગડમમાં ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડના પ્રતિષ્ઠિત રાજધાની શહેરો વચ્ચે ૧૫૪૦ કિમીની સેલ્ફ-સપોર્ટેડ સાયકલ રાઈડ છે જે દર ચાર વર્ષે યોજાય છે. લંડનથી એડિનબર્ગ થઈને લંડન પાછા ફરવા માટે જેમાં રસ્તામાં કુલ મળીને ૧૪૫૦૦ મીટરના ચઢાણ આવે છે તેના સાથે સાયકલિસ્ટોને કુલ ૧૨૮ કલાક અને ૨૦ મિનિટનો સમય ફાળવવામાં આવ્યો હતો.

આ ઈવેન્ટમાં ભારતમાંથી ૧૨૫ રાઈડર્સ, ગુજરાતમાંથી ૪, અમદાવાદમાંથી ૨, બરોડામાંથી ૧ અને ગુજરાતની રાજધાનીમાંથી એકમાત્ર યશેષ વ્યાસે ભાગ લીધો હતો. તા.૭મી ઓગસ્ટે લંડનના ડેબડેન ખાતેથી ઈવેન્ટનો પ્રારંભ સમય બપોરે ૧.૧૫ વાગ્યાનો હતો જેમાં તેઓ ૯૦૦ કિમી સુધી તો તેઓ નિર્ધારિત સમય કરતાં ૬ કલાક વહેલાં ચાલી રહ્યાં હતા અચાનક તેમને "શેરમર્સ નેક" નામની ગરદનની તકલીફ શરૂ થઈ જેમાં ગરદનના સ્નાયુઓ થાકને કારણે નિષ્ફળ જાય છે અને માથાને ટેકો આપી શકતા નથી. તેમને સ્વયંસેવકની મદદથી પોતાના નીચા નમી રહેલા માથાને સાયકલીંગ ટ્યુબ વડે બાંધ્યુ અને રાઈડ ચાલુ રાખી હતી. તેઓ બે ભારતીય રાઇડર્સ સાથે સવારી કરી રહ્યાં હતા અને જ્યારે ૪૫ કિમીની ઝડપે



ઢાળ પરથી ઉતરી રહ્યાં હતા ત્યારે અચાનક તેમની બાઈક સ્લીપ થઈ ગઈ અને નીચે પડી ગયા. તેમને અથડાવાને કારણે ગળાના પાછળના ભાગે અચાનક અસર થઈ હતી અને તેમના હેલ્મેટના બે ટુકડા થઈ ગયા હતા. બંને સહસવારોએ તેમને મદદ કરી અને આશ્વાસન આપ્યું કે કંઈ થયું નથી. યશેષ વ્યાસે હેલ્મેટને ટેપ વડે ચોંટાડ્યું અને મેં બાઈકના પાછળના વ્હીલના સ્પોકની અંદર ડેરેલિયર હેંગર અટકી ગયું હતું તેને બહાર કાઢ્યું અને શિફ્ટિંગ તપાસ્યું અને તે બરાબર હતું, ફરી સવારી શરૂ કરી.

જ્યારે હું કંટ્રોલ પોઈન્ટ પર પહોંચ્યાં હતાં. હવે તેમની ગરદન માથાને ટેકો આપતી ન હોવાને કારણે ઢાળ પર સાયકલિંગ કરવી સરળ ન હતી, તેથી બાકીનું અંતર ડાબા હાથે સાયકલ અને જમણા હાથે હડપચીથી માથાને ટેકો આપીને પકડીને ચલાવ્યું હતું.

આ સ્થિતિમાં તેમણે રાઈડ પુરી કરવાનો નિર્ધાર કર્યો અને આ રીતે તેમણે ૧૨૮ કલાક અને ૨૦મિનિટમાં રાઈડ પૂરી કરી હતી. ખૂબ જ અઘરી સાઈકલિંગ ઈવેન્ટ પૂર્ણ કરવા માટે તેમણે માથાનો દુઃખાવો, શરૂઆતમાં ગરમી ??અને અડધા રસ્તા પછી ઠંડી, પાંચથી છ દિવસ સુધી ઊંઘનો અભાવ જેવા પડકારોમાં પાર પાડ્યાં હતા.

રાઈડ પૂરી કરવાનો શ્રેય પત્ની વિભૂતિ અને પરિવારના અન્ય સભ્યો તેમજ તેમના કોચ અને મેન્ટર મિસ્ટર મિટેન સહિત ઓફિસ સ્ટાફને આપતાં તેઓ કહે છે કે "આ માત્ર સાઈકલિંગ ઈવેન્ટ નથી, તે વ્યક્તિની શક્તિ, ઈચ્છા શક્તિ અને માઈન્ડ ગેમ મેનેજમેન્ટનું પરીક્ષણ કરે છે. અહીં મહત્વ માત્ર ટીશર્ટ કે મેડલનું નથી પરંતુ આપણી આંતરિક ક્ષમતા મહત્વની છે."

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

## નેચર ફર્સ્ટ દ્વારા ગીરનાર જંગલમાં ૫૦મું પ્લાસ્ટિક મુક્ત અભિયાન




નેચર ફર્સ્ટની ટીમ દ્વારા ગિરનાર સીડીની આસપાસના જંગલ વિસ્તારમાં ૫૦મું પ્લાસ્ટિકમુક્ત ગીરનાર જંગલ અભિયાન યોજવામાં આવ્યું હતું અને આ પ્લાસ્ટિક મુક્તિ અભિયાન દરમિયાન આશરે ૮૦ કિલો જેટલા પ્લાસ્ટિકના જથ્થાનો નાશ કરાયો હતો.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ.જોષી રેણુકાબેન વિષ્ણુપ્રસાદ** ઉ.વ.૭૨, પેથાપુર
- **સ્વ.ઠાકોર બાદરજી જેણાજી** ઉ.વ.૬૭, નારોલા, કડી
- **સ્વ.દંતાણી વિપુલભાઈ ચિનુભાઈ** ઉ.વ.૧૯, આજોલ, માણસા
- **સ્વ.અગ્રવાલ સંતોષબેન સુશિલકુમાર** ઉ.વ.૬૩, સેકટર-૨૬

● રૂદ્રભૂમિ ●

- **સ્વ.પટેલ મંગુબેન ચુનીલાલ** ઉ.વ.૮૮, કુડાસણ
- **સ્વ.મહેતા બીનાબહેન હસમુખભાઈ** ઉ.વ.૬૩, કુડાસણ
- **સ્વ.વૈદ્ય વરૂણ વિજય** ઉ.વ.૧૯, સરગાસણ